વડાપ્રધાન નરેન્દ્ર મોદી વાયબ્રન્ટ ગુજરાત કોન્ફોરન્સ ખુલ્લી મૂકશે

VGRC રાજકોટમાં 110 આંતરરાષ્ટ્રીય ખરીદદારો ભાગ લેશે, 1800થી વધુ B2B મીટિંગો આયોજિત થશે

ગાંધીનગર : રાજકોટ ખાતે વાયબ્રન્ટ ગુજરાત રીજનલ એક્ઝિબિશન (VGRE) અને વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) યોજાશે. તારીખ 11 થી 15 જાન્યુઆરી, 2026 દરમિયાન યોજાનાર આ પાંચ દિવસીય મહાપ્રદર્શન દરમિયાન રિવર્સ બાયર્સ-સેલર મીટ (RBSM) અંતર્ગત 1500થી વધુ સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે, જ્યારે 110 આંતરરાષ્ટ્રીય ખરીદદારોની હાજરીમાં 1800થી વધુ B2B મીટિંગ્સ યોજાશે.પીએમ નરેન્દ્ર મોદી રાજકોટ ખાતે આ પાંચ દિવસીય વાયબ્રન્ટ ગુજરાત રીજનલ એક્ઝિબિશનનું ભવ્ય ઉદ્ઘાટન કરશે. ઉદ્ઘાટન બાદ યોજાનાર કોન્ફરન્સ સત્ર રાજકોટને વૈશ્વિક વ્યાપાર, રોકાણ અને સહયોગનું મહત્વપૂર્ણ કેન્દ્ર બનાવશે, જ્યાં દેશ-વિદેશના ઉદ્યોગ નેતાઓ, રોકાણકારો અને નીતિ નિર્માતાઓ એકત્રિત થશે.

26,000 ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલા આ પ્રદર્શનમાં 400 થી વધુ પ્રદર્શકો વિવિધ ક્ષેત્રોમાં પોતાની ક્ષમતાઓ અને નવીનતાઓ રજૂ કરશે. કૃષિ અને ખાદ્ય પ્રોસેસિંગ, મત્સ્યઉદ્યોગ, સંરક્ષણ, ઊર્જા, પેટ્રોકેમિકલ્સ, એન્જિનિયરિંગ, બંદરો અને લોજિસ્ટિક્સ જેવા ક્ષેત્રો ઉપરાંત ટોરેન્ટ પાવર લિમિટેડ, કોસોલ, અદાણી ગ્રીન, એસ્સાર ગ્રુપ, નાયરા એનર્જી, જ્યોતિ CNC સહિતના અગ્રણી કોર્પોરેટ્સની મજબૂત હાજરી રહેશે.

રિવર્સ બાયર્સ-સેલર્સ મીટ (RBSM) સ્થાનિક MSME, હેન્ડલૂમ અને હસ્તકલા ઉદ્યોગોને આંતરરાષ્ટ્રીય બજારો સાથે જોડીને નોંધપાત્ર પ્રોત્સાહન આપશે. આ કાર્યક્રમ દરમિયાન 1800 થી વધુ B2B મીટિંગ્સનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં 1500 થી વધુ એમઓયુ પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે. આ મીટમાં યુએસએ, યુરોપ અને ઓસ્ટ્રેલિયા સહિત 16 થી વધુ દેશોનું પ્રતિનિધિત્વ કરતા 110 આંતરરાષ્ટ્રીય ખરીદદારો ભાગ લેશે, જેમાં એન્જિનિયરિંગ, કૃષિ અને કાપડ જેવા વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. વધુમાં, 20 રાષ્ટ્રીય ખરીદદારો પણ મીટનો ભાગ બનશે, જે સહયોગ અને વૃદ્ધિ માટે તકોને વધુ મજબૂત બનાવશે.

આ પ્રદર્શન છ વિશિષ્ટ થીમેટિક ડોમમાં આયોજિત કરવામાં આવશે, જેમાં ગેટવે ટુ ગ્લોબલ ગ્રોથ, ગ્રીન એનર્જી ઇકોસિસ્ટમ અને પેટ્રોકેમિકલ્સ, ક્રાફ્ટ્સ વિલેજ અને MSME પેવેલિયન, ઓશન ઓફ ઓપોર્ચ્યુનિટીઝ, એન્ટરપ્રાઇઝ એક્સેલન્સ પેવેલિયન અને પબ્લિક સેક્ટર પાવરહાઉસનો સમાવેશ થાય છે. દરેક ડોમમાં પોપ-અપ સ્ટેજ દ્વારા નવા ઉત્પાદનોનું લોન્ચિંગ, ટેકનોલોજી ડેમો અને મુલાકાતીઓ સાથે સીધો સંવાદ શક્ય બનશે.

આ ઈવેન્ટ આત્મનિર્ભર ભારત, વોકલ ફોર લોકલ અને ટકાઉ આર્થિક વિકાસના વિઝનને આગળ વધારવા માટે નવીનતાઓ, ઉદ્યોગસાહસિકો, રોકાણકારો, MSME, સ્ટાર્ટઅપ્સ, વિદેશી ખરીદદારો, કોર્પોરેટ્સ, સરકારી વિભાગો, PSUs અને વૈશ્વિક ભાગીદારોને એકસાથે લાવશે.

વરાછા રોડ પરથી ૫,૩૧૦ દોરીના નકલી બોબીન ઝડપાયા

સુરતઃ ડુપ્લીકેટ ચીજવસ્તુઓના ઉત્પાદન અને વેચાણ માટે જાણીતા બનેલા સુરતમાં હવે પતંગ ચગાવવાની દોરીના નકલી બોબીન મળી આવ્યા છે. પોલીસે લંબેહનુમાન રોડ ઉપરથી આવા નકલી ૫,૩૧૦ બોબીન સાથે એક આરોપીની ધરપકડ કરી છે નકલી ઘી, નકલી પનીર, નકલી માખણ, નકલી શુઝ, નકલી ઘડિયાળ, નકલી કોસ્મેટિક્સ બાદ હવે સુરતમાં નકલી દોરીના બોબીન પણ મળી આવ્યા છે. લોકલ ક્રાઇમબ્રાન્ચ ઝોન-૧ની ટીમે બાતમીના આધારે લંબેહનુમાન રોડ પર આવેલી સંતોષીનગર સોસાયટીમાં પ્લોટ નં. ૨૬૮ ખાતે ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ 'મધુરમ સીજન સ્ટોર' નામની દુકાન અને તેની પાછળ આવેલા ગોડાઉનમાં દરોડા પાડ્યા હતા. તપાસ દરમિયાન ત્યાંથી અલગ અલગ નામચીન કંપનીઓના લેબલ લગાવેલા પતંગની દોરીના બોબીનનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી દોરીના બોબીન કુલ ૫,૩૧૦ નંગ, સ્ટિકર વગરના ખાલી બોબીન ૪૧૪ નંગ, વિવિધ કંપનીના સ્ટિકરો તથા બોબીન પર સ્ટિકર ચોંટાડવાનું મશીન એક નંગ કબ્જે કર્યું હતું. આ તમામ મુદ્દામાલની અંદાજિત કિંમત રૂ. ૪૧.૨૮ લાખ થવા જાય છે. આ કેસમાં પોલીસે દુકાન અને ગોડાઉન સંચાલક નીતિનભાઈ હેમતભાઈ ઝાલાવાડીયા (રહે. ઘર નં. ૨૫૩, સંતોષી નગર, મારૂતિ ચોક, લંબેહનુમાનરોડ, વરાછા)ની ધરપકડ કરી છે.

ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનમાં સત્તાપરિવર્તન કરાવવા પોતાની તોમામ તાકાત અજમાવી રહ્યા છે

અમેરિકા દુનિયાનો સુપરપાવર નથી પણ દુનિયાનો ગુંડો છે. અમેરિકા ધારે તો કોઈ દેશના રાષ્ટ્રપતિનું અપહરણ કરાવી શકે છે અને કોઈની હત્યા પણ કરાવી શકે છે. અમેરિકાની ગુપ્તચર સંસ્થાઓ દાયકાઓથી અમેરિકાનાં હિતોને ફાયદો ન કરાવે તેવી સરકારનું પતન અને પરિવર્તન કરાવતી આવી છે, પણ અમેરિકાની સરકાર ક્યારેય તેની જવાબદારી લેતી નહોતી. હવે ડોનાલ્ડ ટ્રમ્પની આગેવાની હેઠળની સરકાર એટલી નફ્ફટ બની ગઈ છે કે તે પોતાને માફક ન આવે તેવી સરકારને ઉથલાવી પાડે છે અને તેની ક્રેડિટ લેવામાં પણ શરમનો અનુભવ કરતી નથી. નજીકના ભૂતકાળમાં ભારતના બે પડોશી દેશો પાકિસ્તાન અને બાંગ્લા દેશમાં સત્તાપલટો થયો તેમાં સ્પષ્ટપણે અમેરિકાનો હાથ હતો. હવે અમેરિકા ઈરાનમાં એ જ દાવ રમી રહ્યું છે. કોઈ પણ દેશમાં જેમ શાસક પક્ષ હોય છે તેમ વિરોધ પક્ષ પણ હોય છે. અમેરિકા શાસક પક્ષ તેમ જ વિરોધ પક્ષના નેતાઓને પણ સામ, દામ, દંડ અને ભેદની નીતિ દ્વારા પોતાના વશમાં રાખે છે. જો શાસક પક્ષના નેતા અમેરિકાના ઇશારા પર નાચવાનો ઇનકાર કરે તો અમેરિકા વિપક્ષી નેતાને તમામ પ્રકારની સહાય પૂરી પાડીને સત્તાપરિવર્તન કરાવે છે. ઈરાનમાં વર્તમાન સરકારને ઉથલાવી પાડવા અમેરિકા ઈરાનના ભૂતપૂર્વ શાહના પુત્ર રેઝા પહેલવીનો હથિયાર તરીકે ઉપયોગ કરે છે. સોશિયલ મીડિયાના વિડીયો ફૂટેજમાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીને હટાવવાની અને દેશના છેલ્લા શાહના દેશનિકાલ પુત્ર રેઝા પહલવીને પરત લાવવાની માંગણી કરતા વિરોધીઓ દર્શાવવામાં આવ્યા હતા, જેમણે તેમના સમર્થકોને રસ્તા પર ઊતરવા માટે વિનંતી કરી હતી.

ઈરાનમાં સતત ૧૨ દિવસથી સરકાર સામે વિરોધ પ્રદર્શનો ચાલી રહ્યાં છે. અમેરિકન ડોલર સામે ઈરાની ચલણના સતત અવમૂલ્યન અને વધી રહેલા ફુગાવા સામેના ગુસ્સા પછી વિરોધ પ્રદર્શન શરૂ થયાં હતાં અને ઈરાનના તમામ ૩૧ પ્રાંતોનાં ૧૦૦ થી વધુ શહેરો અને નગરોમાં ફેલાઈ ગયાં હતાં. અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૩૪ વિરોધીઓ માર્યા ગયા છે, જેમાં પાંચ બાળકોનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત આઠ સુરક્ષા કર્મચારીઓનાં પણ મોત થયાં છે.

વોશિંગ્ટન ડી.સી.માં રહેતા રેઝા પહલવીએ ઈરાનીઓને રસ્તાઓ પર ઊતરવા અને તેમની માંગણીઓ ઉઠાવવા માટે એક થવાનું આહ્વાન કર્યા પછી વિરોધ પ્રદર્શનો શરૂ થયાં છે. ૧૯૭૯ની ઇસ્લામિક ક્રાંતિમાં રેઝા પહલવીના પિતાને સત્તા પરથી હાંકી કાઢવામાં આવ્યા હતા. વીડિયોમાં શાહ અમર રહો અને આ છેલ્લી લડાઈ છે, પહેલવીઓ પાછા આવશે, જેવા નારા સંભળાય છે. કેટલાંક લોકો ઓવરબ્રિજ પર ચઢતા અને સર્વેલન્સ કેમેરા જેવા દેખાતાં તત્ત્વોને દૂર કરતાં જોવા મળે છે. ઓનલાઇન પોસ્ટ કરાયેલા અન્ય એક વીડિયોમાં પૂર્વી તેહરાનમાં મુખ્ય રસ્તા પર મોટી સંખ્યામાં વિરોધીઓ ચાલતા જોવા મળ્યા હતા. મધ્ય ઈરાનના શહેર ઇસ્ફહાનના એક વીડિયોમાં વિરોધીઓ સરમુખત્યારશાહી મુર્દાબાદના નારા લગાવતા દેખાય છે, જે સર્વોચ્ચ નેતા ખામેનીને ઉદ્દેશીને પોકારાઈ રહ્યા છે. ઉત્તરીય શહેર બાબોલમાં શાહ અમર રહો અને ઉત્તરપશ્ચિમ શહેર તબ્રીઝમાં ડરશો નહીં, આપણે બધા સાથે છીએના નારાઓ સંભળાયા હતા.

ઈરાનના રાજ્ય મીડિયાએ ગુરૂવારના અશાંતિના પ્રમાણને ઓછું આંક્યું છે. કેટલાક કિસ્સાઓમાં તો ખાલી શેરીઓના વીડિયોનો ઉપયોગ કરીને એવો દાવો પણ કર્યો છે કે કોઈ વિરોધ પ્રદર્શન થયા જ નથી. દરમિયાન, ઇન્ટરનેટ મોનિટરિંગ સંસ્થા નેટબ્લોક્સે જણાવ્યું હતું કે તેમના ડેટા દર્શાવે છે કે ઈરાન હાલમાં દેશવ્યાપી ઇન્ટરનેટ શટડાઉનનો અનુભવ કરી રહ્યું છે. આ ઘટના દેશભરમાં વિરોધ પ્રદર્શનોને લક્ષ્ય બનાવતા ડિજિટલ સેન્સરશીપ પગલાં પછી આવી છે. આનાથી લોકોના નિર્ણાયક સમયે એકબીજા સાથે વાતચીત કરવાના અધિકાર પર અસર પડી છે.

પશ્ચિમી પ્રાંત ઇલમના નાના શહેર લોમારના વીડિયોમાં લોકો 'તોપો, ટેન્ક, ફટાકડા, મૌલવીઓ જવા જ જોઈએ'ના નારા લગાવતા દર્શાવવામાં આવ્યા હતા. આ નારાને ધાર્મિક સત્તા સાથે જોડવામાં આવી રહ્યા છે. બીજા એક વીડિયોમાં લોકો બેંકની બહાર હવામાં કાગળો ફેંકતા દર્શાવવામાં આવ્યા હતા. બીજા એક વીડિયોમાં ઇલમ, કર્માનશાહ અને લોરેસ્તાન પ્રાંતના ઘણા કુર્દિશ શહેરો અને નગરોમાં દુકાનો બંધ જોવા મળી હતી. આ ઘટનાક્રમ દેશનિકાલ કરાયેલા કુર્દિશ વિરોધ જૂથો દ્વારા કરવામાં આવેલી અપીલ બાદ બન્યો, જેમાં પ્રદેશમાં પ્રદર્શનો પરના ઘાતક કાર્યવાહીના વિરોધમાં હડતાળનું આહ્વાન કરવામાં આવ્યું. કુર્દિશ માનવાધિકાર સંગઠન હેંગાવના જણાવ્યા અનુસાર અશાંતિ દરમિયાન ઇલમ, કર્માનશાહ અને લોરેસ્તાનમાં સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં ઓછામાં ઓછા ૧૭ વિરોધીઓ માર્યા ગયા છે, જેમાંથી ઘણા કુર્દિશ અથવા લોર વંશીય લઘુમતીમાંથી હતા. બુધવારે, પશ્ચિમ ઈરાનનાં અનેક શહેરો અને નગરોમાં તેમજ અન્ય વિસ્તારોમાં વિરોધીઓ અને સુરક્ષા દળો વચ્ચે હિંસક અથડામણો થઈ હતી.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરૂવારે ફરી એક વાર ચેતવણી આપી હતી કે જો ઈરાની અધિકારીઓ વિરોધીઓને મારી નાખશે તો અમેરિકા લશ્કરી કાર્યવાહી કરી શકે છે. હ્યુ હેવિટ શો સાથેની એક મુલાકાતમાં તેમણે કહ્યું કે ''મેં તેમને કહ્યું છે કે જો તેઓ લોકોને મારવાનું શરૂ કરશે, જેમ કે તેઓ ઘણી વાર તેમનાં રમખાણો દરમિયાન કરે છે, તો અમે તેમને ખૂબ જ કડક જવાબ આપીશું.''અગાઉ, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને સુરક્ષા દળોને શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનોનો સામનો કરવા માટે સંપૂર્ણ સંયમ રાખવા વિનંતી કરી હતી. ઈરાનના સર્વોચ્ચ નેતા ખામેનીએ શનિવારે કહ્યું હતું કે ''અધિકારીઓએ વિરોધકર્તાઓ સાથે વાત કરવી જોઈએ, પરંતુ તોફાનો કરનારાઓને તેમનું સ્થાન બતાવવું જોઈએ.''ખુલ્લા બજારમાં અમેરિકન ડોલર સામે ઈરાની ચલણ રિયાલના મૂલ્યમાં તીવ્ર ઘટાડાથી ગુસ્સે ભરાયેલા તેહરાનમાં દુકાનદારો ૨૮ ડિસેમ્બરે રસ્તા પર ઊતરી આવ્યા ત્યારે વિરોધ પ્રદર્શન શરૂ થયાં હતાં. છેલ્લા એક વર્ષમાં, ઈરાની રિયાલ રેકોર્ડ નીચા સ્તરે પહોંચી ગયો છે અને ફુગાવો ૪૦ ટકા સુધી પહોંચી ગયો છે. ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર લાદવામાં આવેલા પ્રતિબંધોએ પણ અર્થતંત્રને અસર કરી છે.

ઇસ્લામિક ક્રાંતિ પછીનો સૌથી મોટાં વિરોધ પ્રદર્શનો ૨૦૦૯ માં થયાં હતાં, જ્યારે વિવાદિત રાષ્ટ્રપતિની ચૂંટણી બાદ લાખો ઈરાનીઓ મુખ્ય શહેરોની શેરીઓમાં ઊતરી આવ્યાં હતાં. ત્યાર બાદ થયેલી કડક કાર્યવાહીમાં ડઝનબંધ વિપક્ષી સમર્થકો માર્યા ગયાં હતાં અને હજારોની અટકાયત કરવામાં આવી હતી. હવે કેટલાક વિરોધીઓ સ્વર્ગસ્થ શાહ મોહમ્મદ રેઝા પહલવીના પુત્રના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરતા પણ સાંભળવામાં આવ્યા હતા, જેમને ૧૯૭૯ની ઇસ્લામિક ક્રાંતિમાં ઉથલાવી દેવામાં આવ્યા હતા, જેમાં 'શાહ લાંબુ જીવો'નો સમાવેશ થાય છે. જવાબમાં, અમેરિકામાં દેશનિકાલની હાલતમાં જીવી રહેલા રેઝા પહલવીએ ઇન્સ્ટાગ્રામ પર લખ્યું કે હું તમારી સાથે છું. આપણે જીતીશું, કારણ કે અમારું કારણ સાચું છે અને આપણે એક છીએ. જ્યાં સુધી આ સરકાર સત્તામાં રહેશે, ત્યાં સુધી દેશની આર્થિક સ્થિતિ બગડતી રહેશે.

સોમવારે ફ્લોરિડામાં અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ વચ્ચેની બેઠકમાં ઈરાન મુખ્ય એજન્ડામાં હોવાનું જાણવા મળ્યું છે. એક સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનમાં શાસન પરિવર્તનને સમર્થન આપ્યું છે કે કેમ તે અંગે ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો, પરંતુ કહ્યું હતું કે તેમને ઘણી સમસ્યાઓ છે. ડોનાલ્ડ ટ્રમ્પે એમ પણ કહ્યું કે જો ઈરાન તેના બેલિસ્ટિક મિસાઈલ અથવા પરમાણુ કાર્યક્રમો ફરી શરૂ કરે છે, તો તેઓ ઈરાન પર અમેરિકાના બીજા તબક્કાના હવાઈ હુમલાને સમર્થન આપી શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

વોશિંગ્ટન ડી.સી.માં રહેતા રેઝા પહલવીએ ઈરાનીઓને રસ્તાઓ પર ઊતરવા અને તેમની માંગણીઓ ઉઠાવવા માટે એક થવાનું આહ્વાન કર્યા પછી વિરોધ પ્રદર્શનો શરૂ થયાં છે

રાજકોટમાં 6 કલાકમાં 11 વખત ભૂકંપના આંચકા અનુભવાયા

ગાંધીનગર : રાજકોટ જિલ્લામાં 11 વખત ભૂકંપના આચકા અનુભવાતા લોકોમાં ભયની લાગણી ફેલાઈ હતી. સતત આવી રહેલા ભૂકંપના આંચકાને પગલે જેતપુર અને ધોરાજીની શાળાઓમાં રજા આપી દેવામાં આવી હતી. આ અંગે મળતી માહિતી મુજબ રાજકોટ જિલ્લામાં આજે સવારથી જ ભૂકંપના આંચકા નોંધાયા હતા. આજે સવારે 6.19 કલાકે સૌથી તીવ્ર ભૂકંપનો આંચકો અનુભવાયો હતો, જેની રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા 3.8 નોંધાઈ હતી. ગઈકાલે 9 જાન્યુઆરી રાત્રે 12 વાગ્યા પછી આજે સવારે 6 વાગ્યા સુધીમાં 11 વખત ધરતીના પેટાળમાં હલનચલન થયું છે. રાજકોટ જિલ્લામાં સતત આવી રહેલા ધરતીકંપના આંચકાને પગલે ધોરાજી અને જેતપુર આસપાસની શાળાઓમાં બાળકોને રજા આપી દેવામાં આવી છે.

હનીટ્રેપ કરી વેપારી પાસે NCPના નેતાએ 10 કરોડ માંગ્યા

એનસીપી ગુજરાતના ઉપાધ્યક્ષ અને તંત્રી અશ્વિન ચૌહાણની ધરપકડ

સુનિતા ઉર્ફે એની રાજપૂત સાથેની અંગતપળોનો વીડિયો ઉતારી લીધો હતો

અમદાવાદ : અમદાવાદમાં વેપારીને હનીટ્રેપમાં ફસાવી વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી 10 કરોડની માંગણી કરતા એક મહિલા સહિત બે આરોપીની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચએ ધરપકડ કરી તેઓ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

આ કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચએ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના ગુજરાત પ્રદેશના ઉપ પ્રમુખ તથા સત્યા ટાઈમ્સ ડેઈલી ન્યુઝ પેપરના તંત્રી અશ્વિન લક્ષ્મીકાંત ચૌહાણની તથા સુનીતા ઉર્ફે એની રાજપુતની ધરપકડ કરી છે.

ક્રાઈમ બ્રાન્ચના સૂત્રોના જણાવ્યા પ્રમાણે અમદાવાદમાં મહિલા સુનિતા ઉર્ફે એની રાજપુતએ ફરિયાદી વેપારીને હની ટ્રેપમાં ફસાવીને અંગત પળોનો ન્યુડ વિડિયો તેની જાણ બહાર ઉતારી લઈને સત્યા ટાઈમ્સ દૈનિક ન્યુઝ પેપરના તંત્રી અશ્વિન ચૌહાણ સાથે મુલાકાત કરી આ વિડીયો આપીને બંનેએ ભેગા મળી ફરિયાદી વેપારીને ડરાવી ધમકાવી વિડિયો સોશિયલ મીડિયામાં તેમજ ન્યુઝ પેપરમાં છાપી વાઇરલ કરી દેવાની ધમકી આપી 10 કરોડની માંગણી કરી હતી, ત્યારબાદ પતાવટ કરવા 24 કલાકમાં 7 કરોડ આપવામાં ન આવે તો વિડીયો વાયરલ કરવાની ધમકી આપી હતી.

દરમિયાનમાં વેપારીએ આ અંગે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ કરતા ક્રાઈમ બ્રાન્ચની ટીમે આરોપી અશ્વિન લક્ષ્મીકાંત ચૌહાણ ઉ.વ.39, રહે ક્રિષ્નાકુટીર શાહપુર દરવાજા. અમદાવાદ અને સુનીતા ઉર્ફે એની રાજપુતની ધરપકડ કરી તેઓ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

BUSINESS મિત્ર

શેરબજારમાં કડાકો જારીઃ સેન્સેક્સ 84,000ની નીચે

યુએસ ટેરિફનો ભય અને ભૌગોલિક તણાવ વધતા બજારમાં નરમાઈ; રિયલ્ટી અને ઓટો સેક્ટરમાં મોટું ધોવાણ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 9: ભારતીય શેરબજારમાં આજે પણ નરમાઈ આગળ વધી હતી અને નિફ્ટીએ 25700 પોઇન્ટની સપાટી તોડી હતી અને સેન્સેક્સ 84000 પોઇન્ટની નીચે સરકી ગયો હતો. જોકે, આજે પણ શેરબજારમાં અમેરિકાના 500 ટકા ટેરિફનો હાઉ ચાલુ રહ્યો હતો અને રોકાણકારો વધુ સાવચેત થઈ ગયા હતા. જેના લીધે બજાર નબળું પડતું જોવા મળ્યું હતું.

યુએસ ટેરિફની કાયદેસરતા અંગેના યુએસ સુપ્રીમ કોર્ટના ચુકાદા પહેલા રોકાણકારો સાવચેત રહ્યા હતા, તેની સાથે અમેરિકા ઈરાન પર હુમલાની તૈયારી કરી રહ્યા હોવાના અહેવાલ આવ્યા હોવાથી જીયો પોલીટીકલ ટેન્શન વધ્યું હતું, જેનું પણ રિએકશન આવ્યું હતું. આજે લાર્જકેપની સાથે સાથે રોકડાના શેરોમાં પણ વેચવાલી હાવી રહી હતી. નિફ્ટી 25700 પોઇન્ટની નીચે સ્થિર થયો હતો.

સેકટર વાઇઝ જોઇએ તો ઓઇલ એન્ડ ગેસ, આઇટી અને પીએસયુ બેન્કોમાં ધીમો સુધારો રહ્યો હતો, જ્યારે રિયલ્ટી, ઓટો અને કન્ઝયુમર ડયુરેબલ્સ સેકટરમાં નરમાઈ જોવા મળી હતી.

બીએસઈ સેન્સેકસ 604.72 પોઇન્ટ એટલે કે 0.72 ટકા ઘટીને 84000 પોઇન્ટની સપાટી તોડીને 83576.24 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 84406 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 83402 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટીએ 25700 પોઇન્ટની સપાટી તોડી હતી, આજે નિફ્ટીએ 193.55 પોઇન્ટ એટલે કે 0.75 ટકા ઘટીને 25683.30 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 25940 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25623 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 434.95 પોઇન્ટ એટલે કે 0.73 ટકા ઘટીને 59251.55 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે ગુજરાત ફલુરોકેમ 87.34 ગણા, બ્લુડાર્ટ એકસપ્રેસ 14.17 ગણા, માસ્ટેક લિ. 8.88 ગણા, ટેક મહિન્દ્રા 7.79 ગણા, વ્હીલપુર્લ ઈન્ડિયા 7.13 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ઈન્ડિયન એનર્જી 7.31 ગણા, હિટાચી એનર્જી 6.16 ગણા, એલીકોન એનર્જી 4.99 ગણા, તેજસ નેટવર્ક 4.54 ગણા અને સેરા સેનીટરીવેર 4.23 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં નબળું પ્રદર્શન જોવા મળ્યું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેકસ 0.90 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.74 ટકા તૂટયો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળી રહી હતી. બીએસઈ ખાતે 1069 શેરો વધ્યા હતા, જ્યારે 3101 શેરો ઘટ્યા હતા અ 184 શેરો યથાવત રહ્યા હતા.

રિયલ્ટી શેરોમાં વેચવાલી નીકળતા નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 2.26 ટકા ઘટ્યો હતો. જે છેલ્લા ચાર ટ્રેડિંગ સેશનમાં 3.86 ટકા ઘટ્યો હતો. જેમાં ગોદરેજ પ્રોપર્ટીઝ, અનંતરાજ, ડીએલએફ, લોઢા ડેવલપર્સ, ઓબેરોય રિયલ્ટી, પ્રેસ્ટીજ એસ્ટેટ, બ્રિગ્રેડ એન્ટરપ્રાઈઝ, શોભા ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં સુધારા સાથે ચાલી રહ્યા હતા, કેમ કે રોકાણકારોએ વિકસતા આર્થિક સંકેતો અને સમગ્ર ક્ષેત્રમાં વધતા સામાજિક દબાણનું મુલ્યાંકન કર્યું હતું. નેશનલ બ્યુરો ઓફ સ્ટેટિસ્ટીક્સ દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડા અનુસાર નવેમ્બરમાં 0.7 ટકાના વધારા પછી ડિસેમ્બરમાં ગ્રાહકોના ભાવમાં વાર્ષિક ધોરણે 0.8 ટકાનો વધારો થયો હતો. એશિયન બજારોમાં મોટા ભાગના બજારો પોઝિટિવ બંધ રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.62 ટકા, કેક 1.03 ટકા અને ડેક્સ 0.81 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે.

રૂપિયામાં વધુ નરમાઇ જોવા મળી

કરન્સી બજારમાં આજે પણ ડોલરમાં મજબૂતાઇ આગળ વધતી જોવા મળી હતી અને રૂપિયો વધુ 13 પૈસા નબળો પડીને 90.17ના સ્તરે બંધ રહ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો વધુ નબળો પડ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 90.04ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 104.83, પાઉન્ડ 121.83, કેનેડિયન ડોલર 64.86, ઓસ્ટ્રેલિયન ડોલર 60.40, જાપાનીઝ યેન 0.5724 અને સીંગાપોર ડોલર 69.89ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	90.17 રૂ.
યુરો	104.83 રૂ.
પાઉન્ડ	121.83 રૂ.
યેન	0.5724 રૂ.

રોકાણકારોના 13 લાખ કરોડ સ્વાહા

ભારતીય શેરબજારમાં આજે સપ્તાહના છેલ્લા દિવસે પણ કડાકો જોવા મળ્યો હતો. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રશિયા પાસેથી તેલ ખરીદતા દેશો પર 500% સુધીના ટેરિફ લાદવાના વિધેયકને મંજૂરી આપતા બજારમાં ફાળ પડી છે. છેલ્લા પાંચ ટ્રેડિંગ સેશનમાં સેન્સેક્સ 2200 પોઇન્ટ જેટલો તૂટ્યો છે, છેલ્લા 5 દિવસમાં રોકાણકારોએ આશરે રૂ.13.37 લાખ કરોડ ગુમાવ્યા છે. માત્ર આજની વેચવાલીમાં જ માર્કેટ કેપમાં રૂ.4.38 લાખ કરોડનો ઘટાડો થયો.

નિફ્ટી

સેન્સેક્સ	-604.72	83576.24
નિફ્ટી	-193.55	25683.30
બેન્ક નિફ્ટી	-434.95	59251.55

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એશિયન પેઇન્ટસ	1.40	2825.50
ઓએનજીસી	1.15	234.09
એચસીએલ ટેકનો	0.89	1661.40
બીઇએલ	0.72	418.65
સીપલા	0.35	1465.70

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અદાણી એન્ટર	2.72	2153.70
એનટીપીસી	2.44	336.00
જિયો ફાઇ.	2.15	287.25
ICICI બેન્ક	2.14	1404.30
બજાજ ઓટો	2.03	9562.50

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એશિયન પેઇન્ટસ	1.36	2824.50
એચસીએલ ટેકનો	0.86	1662.30
બીઇએલ	0.77	418.85
રિલાયન્સ	0.34	1475.30
ઇટર્નલ	0.32	284.40

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એનટીપીસી	2.34	336.05
ICICI બેન્ક	2.22	1403.55
અદાણી પોર્ટસ	1.98	1435.75
ભારતી એરટેલ	1.89	2027.30
સન ફાર્મા	1.40	1736.85

એશિયન બજારોમાં નીક્કી 1.58 ટકા, સ્ટ્રેઇટસ 0.12 ટકા, હેંગસેંગ 0.31 ટકા, કોસ્પી 0.74 ટકા, જકાર્તા 0.13 ટકા, શાંઘાઇ 0.91 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે તાઇવાન 0.24 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

ચાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫